# ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ.

ગુજરાત વિદ્યુત નિયમન આયોગ

નેપચ્યુન ટાવર, ૧લો માળ, નહેરૂ પુલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯

ની સમક્ષ

અરજદારઃ- ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ -વડોદરા.

નીચેના સંદર્ભમાં

ઉપરોકત અરજદાર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે એગ્રીગેટ રેવન્યુ રિકવાયરમેન્ટ તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ફી અને ચાર્જ નિયત કરવા બાબતેની અરજી, વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૨ થી ૬૪ તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ફી અને ચાર્જ નાખવા અને વસુલ કરવા બાબત નુ રેગ્યુલેશન -૨૦૦૫ ની જોગવાઇ હેઠળ કરેલ છે.

**સૂચના**

ઉપરોકત અરજદાર રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, વડોદરાએ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે એગ્રીગેટ રેવન્યુ રિકવાયરમેન્ટ તથા રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર માટે ફી અને ચાર્જ નિયત કરવા બાબતેની અરજી કેસ નંબર **૯૯૧/૨૦૧૦** દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૨ થી ૬૪ તથા ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તેમજ રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર દ્વારા ફી અને ચાર્જ નાખવા અને વસુલ કરવા બાબત નુ રેગ્યુલેશન -૨૦૦૫ અને **" ટર્મ્સ એન્ડ કંડીશન ઓફ ટેરીફ નિયમન-૨૦૦૫"** ની જોગવાઇ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા હેઠળ છે.

ઉપરોકત બાબતે "ટર્મ્સ એન્ડ કંડીશન ઓફ ટેરીફ નિયમન-૨૦૦૫"ની જોગવાઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ / સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને **તા.૦૮/૦૨/૨૦૧૦** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સુચનો / વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામુ કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

સદર અરજીની નકલ રસ ધરાવતા વ્યકિત / સંસ્થાના નિરક્ષણ માટે મુખ્ય ઇજનેર, સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, ૧૩૨ કેવી સબ સ્ટેશન કેમ્પસ કલ્પવૃક્ષ કોમ્પલેક્ષ સામે, ગોત્રી, વડોદરા - ૩૯૦૦૨૧ ની કચેરી ખાતે ઉપલબ્ધ છે.

સદર અરજીની નકલો વરિષ્ઠ મુખ્ય મહાપ્રબંધક(નાણાં અને હિસાબ), ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરાથી જરૂરી રકમ ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત **રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)** પ્રતિ નકલ નકકી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે **રૂ.૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા)** વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, વડોદરાના નામે મોકલવાના રહેશે.

ઉપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.getcogujarat.com તથા www.sldcguj.com ઉપરથી પણ મેળવી શકાશે.

ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ, વતી

મુખ્ય ઇજનેર (એસ. એલ. ડી. સી),
સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ,
૧૩૨ કેવી સબ સ્ટેશન કેમ્પસ કલ્પવૃક્ષ કોમ્પલેક્ષ સામે, ગોત્રી, વડોદરા - ૩૯૦૦૨૧